# એક્ઝીટ પોલમાં એનડીએનો જયજયકાર

**ઝી ન્યુઝ : એનડીએ-૩૪૦ અને યુપીએ-૭૦, અન્ય-૧૩૩, ઈન્ડીયા ટુડે - ૨૮૩ એનડીએ, ૧૨૦-યુપીએ અને ૧૫૦-અન્ય, ઈન્ડીયા ટીવી : એનડીએ-૨૮૯, યુપીએ-૧૦૧ અને અન્ય-૧૪૮, ટાઈમ્સ નાઉ : એનડીએ-૨૪૯, યુપીએ-૧૪૮ અને અન્ય-૧૪૬ બેઠકો મેળવશે એવી સંભાવના એક્ઝીટ પોલમાં વ્યક્ત કરી હતી**

નવીદિલ્હી, તા.૧૨

બે મહિનાથી વધુ સમય સુધી ચૂંટણી માહોલમાં જોરદાર ગરમી રહ્યા બાદ આજે અંતિમ તબક્કાના મતદાન બાદ એક્ઝિટ પોલના તારણો જારી કરવામાં આવ્યા હતા. એક્ઝિટ પોલના મોટાભાગના તારણોમાં ભાજપને બહુમતિનો દાવો કરવામાં આવ્યો છે. મોટાભાગે ચેનલોએ પોત-પોતાના એક્ઝિટ પોલના પરિણામોમાં જણાવ્યું હતું કે, કેન્દ્રમાં આગામી સરકાર એનડીએની બનશે. એક બાજુ ટાઈમ્સ નાઉ અને ઓઆરજીના એક્ઝિટ પોલમાં એનડીએને ૨૪૯ સીટ મળવાની વાત કરવામાં આવી છે જ્યારે કોંગ્રેસને ૧૪૮ અને અન્યોને ૧૪૬ બેઠકો મળી શકે છે. બીજી બાજુ ઈન્ડિયા ટુડે-સીઆઈસીઈઆરઓના એક્ઝિટ પોલમાં દાવો કરવામાં આવ્યો છે કે, એનડીએને બહુમતિ મળશે. આ એક્ઝિટ પોલ ઉપર વિશ્વાસ કરવામાં આવે તો એનડીએને ૨૬૧થી ૨૮૩ બેઠખ મળી શકે છે. કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએની કફોડી હાલત બનેલી છે. ઈન્ડિયા ટીવી-સીવોટરના એક્ઝિટ પોલમાં દાવો કરવામાં આવ્યો છે કે, યુપીએને ૧૦૧થી પણ ઓછી બેઠક મળશે. ઉત્તરપ્રદેશમાં ભાજપ જોરદાર સપાટો બોલાવે તેવી સંભાવના છે. એબીપી ન્યુઝ-નેલશનના એક્ઝિટ પોલમાં ઉત્તરપ્રદેશમાં ભાજપને જોરદાર ફાયદો થતો દેખાઈ રહ્યો છે. આના જણાવ્યા મુજબ ભાજપને ૪૬, કોંગ્રેસને આઠ, બહુજન સમાજ પાર્ટી ૧૩ અને સમાજવાદી પાર્ટીને ૧૨ બેઠકો મળશે. આવી જ રીતે સીએનએન-આઈબીએન-સીએસડીએસના એક્ઝિટ પોલ મુજબ યુપીમાં ભાજપને ૪૫-૫૩ બેઠકો મળી શકે છે. સપાને ૧૩-૧૭ બેઠક મળી શકે છે. ઈન્ડિયા ટીવી-સીવોટરના એક્ઝિટ પોલમાં ભાજપને યુપીમાં ૫૪ બેઠકો આપવામાં આવી છે. બિહારમાં પણ નરેન્દ્ર મોદીનું મોજુ ફેલાયું છે. એબીપી ન્યુઝના એક્ઝિટ

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૬૨ | ૧૩ મે, ૨૦૧૪, મંગળવાર; વૈશાખ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# નવા મુખ્યમંત્રીની પસંદગી પ્રક્રિયા તેજ

## આજે ભાજપના ધારાસભ્યોની બેઠક યોજાશે : નેતા પદ માટે અભિપ્રાય જાણવાનો પ્રયાસ થશે : પ્રદેશના અનેક અગ્રણીઓ નરેન્દ્ર મોદીને મળ્યા

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના અનુગામી કોણ બનશે તેનો ફેસલો સપ્તાહમાં આવી જવાનો છે ત્યારે બીજી તરફ મોદી માટે દિલ્હીમાં જોરશોરથી વડાપ્રધાનની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. લોકસભાની ચૂંટણીના તમામ એક્ઝિટ પોલ એનડીએની સરકાર આવશે તેવું અનુમાન લગાવી રહ્યાં છે તેવા સંજોગોમાં ગુજરાતનું પાટનગર ગાંધીનગર નેશનલ એપિસેન્ટર બની ચૂક્યું છે. મોદીને મળવા માટે ભાજપના ટોચના નેતાઓ અને સાથી પક્ષોના લિડર્સે ગાંધીનગર કૂચ શરૂ કરી દીધી છે. ગુજરાતને હવે નવા મુખ્યમંત્રીનો ઈન્તજાર છે.

છેલ્લા ૧૩ વર્ષથી શાસનમાં રહેલા નરેન્દ્ર મોદી દિલ્હીમાં સુપ્રિમ જવાબદારી સંભાળવા જઈ રહ્યાં છે ત્યારે ગુજરાતમાં નવા મુખ્યમંત્રી મહેસૂલ મંત્રી આનંદીબેન પટેલ બને છે કે સંઘના લિડર ભીખુભાઈ દલસાણીયાની પસંદગી થાય છે તે ચર્ચાનું મુખ્ય કેન્દ્ર છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના નિવાસસ્થાને આજે સવારથી રાજકીય ગતિવિધિઓ તેજ બનાવી દીધી છે. વારાણસીની જનતાને મત માટેની અપીલ કરીને તેમણે દેશના મતદારોનો આભાર પણ માની લીધો છે.

છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ આજે સવારે નરેન્દ્ર મોદીને મળ્યા હતા, ત્યારબાદ કોંગ્રેસના પૂર્વ નેતા ભાજપના સમર્થક પી.એ.સંગમાએ ગાંધીનગર આવી મોદીને ૧૦ પ્રાદેશિક પાર્ટીઓનો સપોર્ટ આપવાની વાત કરી છે. તેઓ મોદીને તેમના નિવાસસ્થાને મળ્યા હતા. ભાજપના અન્ય એક નેતા નિતીન ગડકરી પણ આજે ગાંધીનગર આવ્યા હતા. મોદીએ તેમના બંગલે તેમની કેબિનેટના કોરગ્રુપના મિનિસ્ટરો સાથે ચર્ચા કરી છે. આ બેઠકમાં પાર્ટીના -દેશ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતા. મોદીએ નવા મુખ્યમંત્રીના નામ અંગે કોઈ ચર્ચા કરી છે કે કેમ તે જાણવા મળ્યું નથી પણ આ મંત્રીઓ અને નેતાઓનો મત જાણવાનો પ્રયાસ કર્યો છે.

આવતીકાલે સાંજે મોદી ભાજપના તમામ ધારાસભ્યોને મળવાના છે. તેઓ આ સભ્યોનો મત પણ જાણે તેવું અનુમાન છે. ગુજરાત પ્રદેશના નેતાઓ, ધારાસભ્યો તેમજ મંત્રીમંડળના સભ્યો એક લીટીની ઠરાવમાં એવું

● અનુસંધાન પાન-૭ પર

## નોર્થ - ઈસ્ટના ૧૦ પક્ષો એન.ડી.એ.માં

ગાંધીનગર, તા.૧૨

નોર્થ ઈસ્ટના દસ રાજકીય પક્ષો એન.ડી.એ.માં આજે ગુજરાત પ્રવેસા આવેલા નોર્થ ઈસ્ટ પાર્ટીના સભ્ય પી.એ. સંગમા અને તેમના પુત્રીએ ગુજરાતના



મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર જોડાશે અને નરેન્દ્ર મોદીને ટેકો આપશે એમ નોર્થ ઈસ્ટ પાર્ટી ફોરમના સભ્ય પી.એ. સંગમાએ જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## NEWS બિટ્સ

### નારાયણ સાંઈનો સંપત્તિનો કેસ ઈન્કમટેક્ષને સોંપાશે


આસારામના પુત્ર નારાયણ સાંઈની રૂ. ૧૦ હજાર કરોડની



સંપત્તિનો કેસ આવકવેરા ખાતાના કાર્યક્ષેત્રક્ષમાં આવતો હોઈ તેને આ ખાતામાં ટ્રાન્સફર કરાશે. વળી જો તમામ સંપત્તિ ચોપડે નહી બતાવી હોય તો આઈટી વિભાગને રૂ. ૩ હજાર કરોડનો ટેક્સ મળશે.

### કેદારનાથમાં ભારે વરસાદ : કરા પડ્યા

ચારધામ યાત્રા પૈકીના એક



ધામ કેદારનાથમાં જોરદાર વરસાદ સાથે કરા પડ્યા હતા. જેનાથી લિનચોલીમાં ફસાયેલા ૪૦ યાત્રીઓને પોલીસ કેમ્પમાં લઈ જવામાં આવ્યા હતા. વાતાવરણ સારુ થયા બાદ યાત્રીઓને કેદારનાથ ધામમાં દર્શન માટે મોકલવામાં આવ્યા હતા. જોકે કેદારનાથનું વાતાવરણ હજુ ઠંડુ છે. કેટલાક સ્થળોએ કરા પડ્યા હતા.

## નવી લોકસભા સૌથી ધનવાન હશે

ગાંધીનગર, તા. ૧૨

દેશમાં ૨૦૧૪ની ચૂંટણી બાદની જે નવી લોકસભા બનશે તે દેશની અત્યાર સુધીની સૌથી ધનવાન સંસદ હશે તો આ નવી લોકસભામાં ક્રિમીનલની હાજરી પણ નોંધપાત્ર હશે. લોકસભાની ૫૪૩ બેઠકો પર પક્ષીય અને અપક્ષો સહીત ૮૧૬૩ ઉમેદવારો એવા છે જેમાં ૨૨૦૮ એવા છે જેઓએ ખૂદે પોતે કરોડપતિ છે તેવું સોગંદનામું રજુ કર્યું છે. એસો.ઓફ. ડેમોક્રેટીક રીફોર્મનાં આંકડા મુજબ ૨૭ ટકા ઉમેદવારો કરોડપતિ છે જે ૨૦૦૯માં ૧૬ ટકા સંખ્યા હતી. ગત લોકસભાના ૩૯૬ સાંસદો ફરી ચૂંટણી લડી રહ્યા છે તેઓની મીલકતોમાં સરેરાશ ૧૪૬ ટકાનો વધારો થયો છે.

## ગાંધીનગરમાં રાજકીય ધમધમાટ



ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરમાં નરેન્દ્ર મોદીની હાજરીથી રાજકીય ચહલપહલ વધી ગઈ હતી. સોમવારનો આખો દિવસ પ્રધાનમંત્રી પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની મુલાકાતે દેશના મહાનુભાવો પહોંચ્યા હતા. સવારે લોકસભાના પૂર્વ અધ્યક્ષ પી. એ. સંગમા, છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ અને સાંજે ભાજપના પૂર્વ અધ્યક્ષ નિતીન ગડકરી ગાંધીનગર પહોંચ્યા હતા. આ ઉપરાંત પ્રદેશ ભાજપના વરિષ્ઠ આગેવાનો મુખ્યમંત્રીના બંદલે ઉમટ્યા હતા.

ગાંધીનગર ખાતે આજે રાજકીય પ્રવૃત્તિઓનો ધમધમાટ વધુ રહ્યો હતો. નરેન્દ્ર મોદીની મુલાકાત માટે વિવિધ પ્રદેશોના આગેવાનો અને રાજકીય આગેવાનો મુખ્યમંત્રીના બંગલે પહોંચ્યાહતા. દરેકે પોતપોતાના વિસ્તારોના દેખાવો અંગે અહેવાલ આપ્યા હતા. સાથો સાથ ચૂંટણી બાદ કેવા સમીકરણો સર્જાઈ શકે તેની ચર્ચાઓ કરી હતી. ઉત્તર પૂર્વિય રીજીયોનલ ફોરમના પી. એ. સંગમાએ એન.ડી.એ.માં જોડાવવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત રમણસિંહ અને ગડકરીએ પણ પરિણામ બાદના સમીકરણોની ચર્ચાઓ કરી હતી. જ્યારે મોડીસાંજે પ્રદેશ ભાજપના વરિષ્ઠ આગેવાનોની કોરગ્રુપની બેઠક સી.એમ. બંગલે યોજાઈ હતી. જેમાં પહેલી વખત મુખ્યમંત્રીની હાજરીમાં ચૂંટણીમાં મતદાન અંગેની સમિક્ષા કરાઈ હતી. કયા વિસ્તારમાં કોનું વર્ચસ્વ રહેશે તે અંગે વિગતવાર ચર્ચા કરાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ આર.સી. ફળદુ, મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, ભરતભાઈ પંડ્યા, ભરતસિંહ પરમાર, ઉપરાંત વરિષ્ઠ મંત્રીઓ આનંદીબેન પટેલ, સૌરભભાઈ પટેલ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને નિતીનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં સમીક્ષા ઉપરાંત આગામી રણનિતી અને આવતીકાલની વિધાનસભા પક્ષની બેઠક અંગે પણ ચર્ચાઓ થઈ હતી.

## ગુજરાત અંગે એક્ઝીટ પોલમાં જુદા-જુદા તારણો

### એબીપી ન્યુઝ દ્વારા બે બેઠકો, ટાઈમ્સ નાઉ ચાર બેઠકો કોંગ્રેસને આપશે જ્યારે ત્રણ અન્ય ચેનલોએ કોંગ્રેસને ત્રણથી ચાર બેઠકો આપી છે

ગાંધીનગર, તા.૧૨

આજે મોડીસાંજે વિવિધ ન્યુઝ ચેનલો દ્વારા એક્ઝીટ પોલ જાહેર કરાતા ગુજરાત અંગે જુદા-જુદા તારણો રજૂ થયા હતા. એબીપી ન્યુઝમાં ૨૪ ભારતીય જનતા પાર્ટી અને બે બેઠકો કોંગ્રેસને અપાઈ હતી. જ્યારે ટાઈમ્સ નાઉ ૨૨ બેઠકો ભારતીય જનતા પાર્ટી અને ૪ બેઠકો કોંગ્રેસને અપાઈ હતી. ઈન્ડિયા ટીવી, ઝી-ટીવી અને ન્યુઝ-એક્સ દ્વારા ૩થી ૫ બેઠકો કોંગ્રેસને અને ૨૦થી ૨૨ બેઠકો ભાજપને ફાળે જશે એવું પૂર્વાનુમાન જાહેર કરાયું હતું.

ભારતીય જનતા પાર્ટી દ્વારા મીશન-૨૬નો લક્ષ્ય નિર્ધારીત કરાયું હતું. મોટાભાગના નેતાઓ દાવાર ૨૬-૨૬ બેઠકો મળશે એવા દાવા રજૂ કરાયા હતા. જ્યારે કોંગ્રેસ દ્વારા ૮ થી ૧૦ બેઠકો મળશે એવા દાવાઓ આગેવાનો દ્વારા કરાયા હતા.

આજે જાહેર થયેલા એક્ઝીટ પોલમાં બંને પક્ષોના આંકડાઓમાં તફાવત દેખાય છે અને તટસ્થ વિશ્લેષકો ૨૦થી ૨૧ ભાજપને અને ૫ થી ૬ બેઠકો કોંગ્રેસને માને છે. જ્યારે સટ્ટા બજાર ભાજપને ૨૧ થી ૨૨ બેઠકો અને કોંગ્રેસને ૪ થી ૫ બેઠકોની ગણતરી કરે છે. આમ છતાં સાચી હકિકત ૧૬મીએ જ પરિણામો જાહેર થશે ત્યારે જ સમજાશે.

રાજકીય વર્તુળોમાં ચર્ચાતી વાતો મુજબ આણંદ, દોહાદ, ગોધરા, સાબરકાંઠા, વલસાડ અને અમરેલીમાંથી કોંગ્રેસને બેઠકો મળી શકે એમ છે. જ્યારે બારડોલી, જૂનાગઢ અને બનાસકાંઠામાં તીવ્ર સ્પર્ધા બંને રાજકીય પક્ષો વચ્ચે હોવાથી કોઈ ચોક્કસ તારણ નિકળી શકતું નથી.

સાથે સાથે રાજ્યમાં સૌથી વધુ સરસાઈ કોને મળશે એવી ચર્ચા પણ ચાલે છે. જેમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વડોદરા બેઠક પર અને સી. આર. પાટીલ નવસારી બેઠક પર વધુ સરસાઈ મેળવશે એવી સંભાવના છે.

૨૦૦૯ના ચૂંટણી પરિણામો જોતા કોંગ્રેસને ૯ બેઠકો મળી હતી જેમાં કેટલી ઘટશે એના પર માળખામાં ફેરફારની પણ ચર્ચાઓ ચાલે છે. વિધાનસભાની ૭ બેઠકોની પેટા ચૂંટણીમાં પણ ભાજપ ૪ થી ૫ બેઠકો મેળવી શકે એમ છે જ્યારે કોંગ્રેસ ૨ થી ૩ બેઠકો પર વિજય પ્રાપ્ત કરશે એવા પૂર્વાનુમાન થઈ રહ્યા છે. ગાંધીનગરમાં એવી પણ ચર્ચા ચાલે છે કે રાજ્યના મુખ્યમંત્રી અને વિરોધપક્ષના નેતા બંને એકસાથે બદલાશે.

## ગુજરાતમાં કોંગ્રેસનો સર્વે આઠ બેઠકો પર જીત બતાવે છે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કેટલીક બેઠકો પર કાંટે કી ટક્કર છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાતમાં છવ્વીસે છવ્વીસ બેઠકો મેળવવાનો દાવો થઈ રહ્યો છે. જ્યારે કોંગ્રેસના આગેવાનો તેમને ૮ થી ૧૧ બેઠકોનો દાવો કરે છે જ્યારે તટસ્થ એજન્સીઓ ભાજપને ૨૦ થી ૨૨ બેઠકો મળવાની ગણતરી કરે છે. જ્યારે કોંગ્રેસનો આંતરીક સર્વે જણાવે છે કે આઠ બેઠકો તો કોંગ્રેસ જીતશે જ, જ્યારે અન્ય છ બેઠકો પર કશ્મેકશ જંગ છે.

ગુજરાતમાં કોંગ્રેસને ઓછામાં ઓછી આઠ બેઠકો મળશે અને અન્ય અડધો ડઝન જેટલી બેઠકોમાં રસાકસી થશે તેવું પક્ષના આંતરિક સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે. વાસ્તવિક ચિત્ર જોકે શુક્રવારના પરિણામમાં જ બહાર આવશે.

પ્રદેશ કોંગ્રેસના સૂત્રોએ એવો દાવો કર્યો છે કે ગુજરાતમાં ગત ૩૦ એપ્રિલે જ મતદાન પૂર્ણ થઈ ગયું હતું અને તેના આધારે કોંગ્રેસે આંતરીક સર્વે હાથ ધર્યો હતો. જેમાં આઠ બેઠકો પર પાર્ટીનો વિજય નિશ્ચિત હોવાનું અને અડધો ડઝનથી વધુ બેઠકોમાં કાંટે કી ટક્કર હોવાનું તારણ કાઢવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## વારાણસીમાં છેલ્લા ચાર દિવસમાં ‘ગેમ’ બદલાઈ ગઈ

ગાંધીનગર, તા. ૧૨

૧૫ દિવસ પહેલા અરવિંદ કેજરીવાલ વારાણસી આવ્યા હતા અને ફોર્મ ભરતા પહેલા એક નાનકડો પરંતુ પ્રભાવશાળી રોડ શો કરવામાં સફળ રહ્યા હતા. ત્યારે તે નરેન્દ્ર મોદીના વધુ એક હરીફથી વિશેષ કંઈ નહોતા. પરંતુ ત્યારે પણ વારાણસીના લોકો માટે તે કુતુહલનો વિષય તો હતો જ. જો કે, જેમ જેમ ૧૨ મે એટલે કે વારાણસીમાં મતદાનનો દિવસ નજીક આવી રહ્યો છે તેમ તેમ કેજરીવાલ અને તેમની સફેદ ટોપીવાળી સેનાએ ઝડપથી જમીન પર પોતાની પહોંચ વધારી છે અને તે સુનિશ્ચિત કરી દીધું છે કે જો બનારસમાં મોદી જીતી પણ જાય તો ય જીત એટલી વિશાળ નહી હોય, કેજરીવાલ ખુદ પણ માને છે કે, તેમની સ્થિતિમાં આ પરિવર્તન પાછલા કેટલાક દિવસથી જ આવ્યું છે. કેજરીવાલે કહ્યું હતું કે તમે એકવાર લોકોમાં જો રસ જગાવી દો તો ત્યારબાદ ઝડપથી બધુ આગળ વધવા લાગે છે. મારા માનવા અનુસાર છેલ્લા ત્રણ-ચાર દિવસમાં આ પરિવર્તન થયું છે. જાતિ અને ધર્મના બંધન તુટી રહ્યા છે. આ પરિવર્તન અસલમાં થયો છે તો તેનો

● અનુસંધાન પાન-૭ પર

પ્રથમ માસિક પૂણ્યતિથીએ

અશ્રુભીની શ્રધ્ધાંજલિ



ચિ. ધાર્મિક કેતનભાઈ સુખડિયા

શોકાતુર પરિવાર

નટવરલાલ પિતાંબરદાસ સુખડિયા સમસ્ત પરિવાર

CCTV

બેંક, સ્કૂલ, કોલેજ, જવેલર્સ, રેસીડેન્સ, ઓફીસ, શો-રૂમ વગેરે જગ્યાએ CCTV કેમેરા લગાડો



IP Camera,
IR Speed Dome Camera,
IP Dome Box type Camera,
Power Supply, DVR etc.

CCTV કેમેરા લગાડવા માટે સંપર્ક કરો.

APEX ELECTRONICS

E-236, GIDC, Sector-26, Gandhinagar. Ph. 79-23287800
Mo. 7600044511, 9974003830, 98250 42439
Email : apexelectronics@yahoo.com